**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં રખડતા ઢોર-કૂતરાનો વધતો ત્રાસ

## માર્ગો વચ્ચે રખડતાં ઢોરોના અડીંગા તથા કૂતરાઓના કરડવાની દુર્ઘટનાઓ વધી

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં રખડતાં ઢોરોનો ત્રાસ રોજ બરોજ વધતો જાય છે. કયારેક રખડતાં ઢોરો માર્ગો ઉપર વચ્ચેવચ ટોળામાં ગોઠવાઈ જાય છે તો કયારેક આ રખડતા ઢોરો ગુસ્સામાં આવીને વટેમાર્ગુઓ અને રાહદારીઓને તેમજ વાહનચાલકોને શિંગડા ભેરવીને ફેંકી દેતા હોય છે જેને કારણે નાગરિકોને ગંભીર ઈજા થાય છે. અને દવાખાનાઓમાં પણ દાખલ કરવામાં આવ્યા હોવાના અહેવાલો સાંપડયા છે.

ગાંધીનગર મનપામાં વખતો વખત પ્રજાજનો દ્વારા જાણ કરવા છતાં કોઈ નકકર પરિણામ જોવા મળી રહ્યું નથી. શહેરમાં ઘણી બધી જગ્યાએ રખડતાં ઢોર રસ્તા વચોવચ કોઈ ટ્રાફીક વ્યવસ્થાનો કર્મચારી ન હોય તેમ ઉભા રહી જાય છે. શહેરમાં કેટલાક માર્ગો પર માણસો કરતા ઢોરોનો અડીંગો વધારે જોવા મળે છે. આવામાં





રખડતા ઢોર હુમલો કરી દે તેવી ઘટનાઓ સામે આવી રહી છે. રસ્તે રખડતાં ઢોરો ઉપરાંત રખડતાં કૂતરાઓનો ત્રાસ વધી રહ્યો છે. સેકટર-૨૩માંથી એક પરિવાર નાના બાળક સાથે સે-૨૪માં ગયા હતા તેમની પાછળ કુતરાનું ટોળું ફરી વળ્યું જેને લઈને વાહન ચલાવતા કાબૂ ગુમાવી દીધો હતો જેથી માતા તથા બાળકને ઈજા થઈ હતી પરંતુ વાહન ચલાવનાર ભાઈને ગંભીર ઈજા થતાં તેઓનું ઓપરેશન કરવું પડયું હતું છતાં તે ભાઈ બચી શકયા નહી જે એક ગંભીર બાબત ગણી શકાય.

ગાયો-ભેંસોને ડબ્બામાં પૂરવામાં આવ્યા પછી તેને છોડાવવા રબારીઓ તરફથી પોલીસ સાથે પણ ઝપાઝપી થાય છે અને ઘણી વખત કેસ પણ થાય છે તેમ છતાં આ અંગે કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. શહેરના નાગરિકો તરફથી આ અંગે જવાબદાર તંત્ર દ્વારા ચોકકસ પગલાં લેવામાં આવે તથા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવી છે. સાથે વસાહતી નાગરિકોએ ઉમેર્યુ હતું કે ગાંધીનગર કેપિટલને ભારતમાં એક નંબરનું શહેર બનાવવું હોય અને ગાય-ભેંસના ત્રાસનો કાયમી ઉકેલ લાવવો હોય તો ગાયો-ભેંસો સાથે વસતા રબારી ભાઈઓની કુલ સંખ્યાની ગણતરી કરવી અને સેકટર-૧થી ૧૬ના રબારીભાઈઓને શાહપુર પાસે નદી કિનારે કોઈ ઉંચી જગ્યા હોય ત્યાં એક રૂમ અને રસોડું સાથે શૌચાલય બાંધી આપવા જોઈએ. તેજ રીતે સેકટર-૧૭ થી૩૦માં સ્મશાનઘાટ જેવી ઉચ્ચ અને સપાટ જમીન જોવી જોઈએ અને નદીના કિનારે મકાન બાંધી આપવા જોઈએ. ઉનાળામાં ગાયો-ભેંસોને પાણી પીવડાવવા માટે હોજની વ્યવસ્થા કરવી અને મકાન માટેની કિંમત નિયમ પ્રમાણે વસુલ કરવી આ ઉપરાંત કૂતરાઓનો દરેક સેકટરોમાં ત્રાસ છે. જેને લીધે આવા અકસ્માત વારંવાર થાય છે તે નિવારવા દરેક સેકટરના કૂતરાઓનું ખસીકરણ કરવું અથવા કૂતરાને એક ગાડીમાં ભેગા કરી જંગલમાં છોડી આવવા જોઈએ તેવું શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા સલાહસૂચન કરાયા હતા.

સને ૧૮૮૫માં અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના થઈ હતી તેને ૩૫ વર્ષ પૂરા થયા છે છતાં ગાયો-ભેંસો અને કૂતરાનો ત્રાસ નિવારવા પગલાં લેવાયા નથી. જેને લઈ ગાયો-ભેંસોની ગંદકીનો શહેરીજનો ભોગ બને છે અને સાથે કૂતરા પણ નાગરિકોને મોટા પ્રમાણમાં હેરાન કરી રહ્યા છે તેથી ગાંધીનગર મનપા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવી જોઈએ જેથી કોઈ નાગરિકને જાનહાનિ તથા અકસ્માતના ભયથી રાહત મળી શકે.

## જન્મદિને વધામણી



રમજુભા એમ. જાડેજા
મેનેજીંગ ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ કચ્છ-કાઠિયાવાડ રાજપૂત સમાજ-ગાંધીનગર
મો. ૯૯૨૫૨ ૧૦૭૦૫



આર.આર. સોરઠિયા
મો. ૯૯૦૪૩ ૫૪૪૮૦



રોશનબેન યુસુફભાઈ પરમાર
કોર્પોરેટર



હેતાંશી આર મકવાણા
મો. ૭૦૧૬૧ ૯૮૮૮૭



જયસુખભાઈ પટેલ



શ્રી જલીયાણ સેવા ગ્રુપ ગાંધીનગર દ્વારા સેકટર-૨૮ના મુકબધીર શાળાના બાળકોને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો નાસ્તો મેળવી આનંદિત બની ઉઠયા હતા.

## રેલ્વે સ્ટેશન પર પોલીસ ચોકી બનાવવા વસાહત મહામંડળની માંગ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા રેલ્વે સ્ટેશન પર પોલીસ ચોકી બનાવવા અંગે રજૂઆતો કરવામાં આવી છે તેમ છતાં હજી સુધી કોઈ નિકાલ આવ્યો નથી. શહેરનું રેલ્વે સ્ટેશન મોટું બન્યું છે જયાં ઘણી જ નહિવત ટ્રેનો આવે છે અને જાય છે પરંતુ પોલીસ વ્યવસ્થાને નામે રેલ્વે સ્ટેશનમાં કોઈ સુવિધા નથી. હોટલ બાંધકામ વખતે દબાણના કારણે બાંધકામ તોડી દીધા બાદ નવા બાંધકામની વ્યવસ્થા કરવામાં આવી નથી. આ અંગે ડિવિઝન મેનેજર વેસ્ટર્ન રેલવે અમદાવાદ, આઈજીબી, રેલવે પોલીસને ૨૦૦૭થી ત્યાર સુધી અનેક પત્રો દ્વારા વિનંતી કરવામાં આવી છે. રેલવે સ્ટેશને આવતા મુસાફરોના જાન-માલનું રક્ષણ કોણ કરશે? પોલીસ ચોકી કે તંબુ ચોકી પણ ન હોય તેવી નિરાધાર અવસ્થામાં હવે જયારે વાઈબ્રન્ટ આવે છે ત્યારે મહાનુભાવોના રક્ષણ માટે વ્યવસ્થા થાય છે તેમ આમ આદમી માટે પણ રક્ષણની, રીક્ષા સ્ટેન્ડની નવા રેલ્વે સ્ટેશનમાં વ્યવસ્થા થાય તેવી રાહ નાગરિકો જોઈ રહ્યા છે. આ અંગે ગાંધીનગર વસાહત મહામંડળ દ્વારા ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવી તથા રેલવે વિભાગના ડીજીબીને લેખિત સ્વરૂપમાં પણ વિનંતી કરવામાં આવી છે. જેમાં અરુણ બુચ, મયુર વ્યાસ, બી.આર. પોરીયા સહિત સૌએ પત્ર દ્વારા વિનંતી કરી છે.

## શેઠ સી.એમ. શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૦

શેઠ સી.એમ. હાઈસ્કૂલમાંથી વર્ષ ૨૦૨૧-૨૨માં એ ગૃપમાં અભ્યાસ કરતા ૨૨ વિદ્યાર્થીઓ જેઈઈ મેઈન્સમાં કવોલીફાઈ થયા છે. પટેલ વ્રજે શાળામાં ધો-૧૦માં પણ કેન્દ્રમાં પણ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. આ તેજસ્વી વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨માં જેઈઈ મેઈન્સમાં ૯૯.૭૦ પરસન્ટાઈલ સાથે જેઈઈ એડવાન્સમાં ઉત્તીર્ણ થઈ બોમ્બે આઈઆઈટી ખાતે એરોસ્પેસ એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવી શાળા અને કડી સર્વ વિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય ડૉ.ચેતના બુચ અને સમગ્ર સ્ટાફ, શેઠ સી.એમ. હાઈસ્કૂલ દ્વારા પટેલ વ્રજને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## એસ.કે. પટેલ સ્કૂલમાં સ્પ્રે પ્રિંટિંગ એકિટવિટી યોજાઈ



એસ.કે. પટેલ સ્કૂલમાં સ્પ્રે પ્રિંટિંગ એકિટવિટી યોજાઈ હતી. જેમાં શિક્ષિકાઓએ ઓનલાઈન કલાસમાં બાળકોને ટૂથબ્રશ દ્વારા અલગ અલગ પ્રકારના આકાર જેવા કે લીમડાના પાન તથા પેપરના જુદા જુદા આકારો કરીને સ્પ્રે પ્રિંટિંગ કરીને એકિટવિટીનો આનંદ લીધો હતો.

## સે-૨૨માં સ્વ.રમેશચંન્દ્રજીની યાદમાં રક્તદાન કેમ્પ યોજાયો

### દિવ્ય ભાસ્કર તથા હેપ્પી યુથ કલબ દ્વારા આયોજિત બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૯ યુનિટ્સ રક્ત એકત્ર થયું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ખાતે દિવ્ય ભાસ્કર દ્વારા શહેરના સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ કલબના સહયોગથી આજે તા.૩૦ નવેમ્બર મંગળવારે સેકટર-૨૨માં દિવ્ય ભાસ્કરના ગાંધીનગર કાર્યાલયે યોજવામાં આવેલા બ્લડ ડોનેશન કેમ્પમાં કુલ ૨૩ રકતદાતાઓ પહોંચ્યા હતા જે પૈકી ૧૯ યુનિટ્સ રક્ત એકત્ર થયું હતું. અત્રે ઉલ્લેખનીય દિવ્ય ભાસ્કર ગૃપ દ્વારા તેના પૂર્વ ચેરમેન સ્વ. રમેશચંન્દ્રજી અગ્રવાલના ૭૭મા જન્મદિન 'પ્રેરણા દિવસ' નિમિત્તે ગુજરાત સહિત આઠ રાજયોમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું કે પૈકી ગાંધીનગર ખાતે પણ રકતદાન કેમ્પ યોજાયો હતો.

આ રકતદાન કેમ્પમાં રકત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકની ટીમ પૂરી પાડી હતી તેમજ રકતદાતાઓને રકતદાતા પ્રોત્સાહન કીટથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ રકતદાન કેમ્પમાં યુવાનો, મહિલાઓ તથા આધેડ રકતદાતાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અત્રે એકત્ર કરાયેલું રકત દુર્ઘટનાગ્રસ્ત દર્દી, થેલેસેમિયા, ગર્ભવતી મહિલા અને ગંભીર બિમારીગ્રસ્ત દર્દીઓનું જીવન બચાવવામાં ઉપયોગી નીવડશે.





## ડૉ. જશભાઈ પટેલને સૌહાર્દ સન્માન એવોર્ડથી સન્માનિત કરાયા



ગાંધીનગર, તા.૩૦

ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન દ્વારા હિન્દી ભાષામાં સર્જન કરવા બદલ ડૉ. જશભાઈ પટેલને વર્ષ ૨૦૨૦નો સૌહાર્દ સન્માન એવોર્ડથી સન્માનિત કરાયા હતા. ડૉ. જશભાઈ પટેલ લિખિત હિન્દી નવલકથા 'બિધા ભર જમીન' પુસ્તકનું લખનઉ ખાતે આનંદીબેન પટેલના કરમકળો દ્વારા વિમોચન થયું હતું. સરળ બનવું સહુથી અઘરું કામ છે એ દૃષ્ટિએ લોકભોગ્ય અને સરળતાને સાંગોપાંગ વરેલાં એમનાં પુસ્તકો વાંચકો માટે અણમોલ નજરાણું છે. ગ્રામીણ ક્ષેત્રમાં રહેતાં સીધા સાદા માણસોની સરળ જીવનશૈલીની ઝલક તેમના લેખનમાં સહજ રીતે વર્તાય છે. આ પ્રસંગે લખનઉ વિશ્વ વિદ્યાલયના નિવૃત્ત પ્રો. ડૉ. ગોવિંદ સ્વરૂપ ગુપ્તા ઉપસ્થિત રહ્યા હતા.

## જીએમએલ ટૂર્નામેન્ટમાં એનએચસીએની ટીમનો ૯૧ રનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેકટર-૮માં સમર્પણ ગાઉન્ડ ખાતે રમાઈ રહેલી જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ન્યુ હોરિઝન ક્રિકેટ એકેડમી અને ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડમી વચ્ચે રમાયેલી મેચમાં જેમાં એનએચસીએની ટીમે ૯૧ રને ભવ્ય વિજય મેળવ્યો હતો. આ મેચમાં એનએચસીએના રોહન મિસ્ત્રીએ ઓલરાઉન્ડ પરફોર્મન્સ કરતાં ૪૭ રન ફટકાર્યા બાદ ૨૬ રનમાં ૩ વિકેટ ઝડપી મેન ઓફ ધ મેચનો ખિતાબ જીત્યો હતો.

જીએનઆર મેજર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગત શુક્રવારે રમાયેલી મેચમાં જીએસએ ટીમે ટૉસ જીતીને ફીલ્ડિંગ લીધી હતી. એનએચસીએની ટીમે પહેલા બેટિંગ કરતાં ૪૮ ઓવરમાં ૧૦ વિકેટે ૧૮૮નો સ્કોર કર્યો હતો. રોહન મિસ્ત્રીના ૪૭ રન અને નિકુંજ પ્રજાપતિના ૩૪ તથા અભિષેક પંડ્યાના ૩૩ રન મુખ્ય હતા. આ પછી જીએસએની ટીમ જવાબમાં ૩૧.૪ ઓવરમાં માત્ર ૯૭ રનમાં સમેટાઈ જતાં એને એનએચસીએની ટીમનો ૯૧ રને ભવ્ય વિજય થયો હતો. એનએચસીએના રોહન મિસ્ત્રી અને જય પટેલે ૩-૩ વિકેટ જયારે કમલેશ ઠાકોરે ૨ વિકેટ ઝડપી હતી. જીએસઈબી તરફથી રોહિત દહિયાએ ૨૪ અને અશોક ભડકાએ ૨૬ રન કર્યા હતા.



## ભાજપ લઘુમતી મોરચાની બેઠક કમલમ ખાતે યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

ભાજપ લઘુમતી મોરચાની બેઠક રાષ્ટ્રીય અધ્યક્ષ જમાલ સિદ્દીકી, રાષ્ટ્રીય મહામંત્રી સૂફી એમ.કે.ચિશ્તી, ગુજરાત લઘુમતી મોરચાના અધ્યક્ષ ડૉ.મોહસીન લોખંડવાલાની ઉપસ્થિતિમાં પ્રદેશ મોરચાના પદાધિકારી જિલ્લા મહાનગર મોરચાના પ્રમુખ સાથે પરિચય સંગઠનની બેઠક કમલમ્ ખાતે યોજાઈ હતી. જેમાં પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખે ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.



## જોય-ઓ-મેકર્સ મૂકબધિર સ્કૂલની મુલાકાતે



ગાંધીનગર, તા.૩૦

જોય-ઓ-મેકર્સ ટીમ દ્વારા સેકટર-૨૮ની મૂકબધિર સ્કૂલની મુલાકાત કરવામાં આવી હતી. આ ટીમ દ્વારા બાળકો વચ્ચે કેક કટિંગ કરવામાં આવી હતી અને ફરસાણ મિષ્ટાન્ન સહિત ભોજન જાતે પીરસવામાં આવ્યું હતું. જોય-ઓ મેકર્સ દ્વારા સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. ધોરણ-૧૧માં અભ્યાસ કરતી તિરશી મહિપતસિંહ પમાર દ્વારા આ એનજીઓ ચલાવવામાં આવે છે. શારીરિક વિશિષ્ટ બાળકો વચ્ચે જઈને જોય-ઓ-મેકર્સ ટીમ દ્વારા 'અમે તમારી સાથે છીએ' ભાવ વ્યકત કર્યો હતો.

## ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજના યુવાનોનો સ્નેહમિલન સમારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના પેથાપુર ખાતે શ્રી ખાખરીયા છાસઠ પ્રજાપતિ સમાજના યુવાનો દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં સમાજના ગામે ગામથી ખૂબ મોટી સંખ્યામાં યુવાનો હાજર રહ્યા હતા અને સમાજ ઉત્થાન માટે મંથન કર્યું હતું. આ સાથે ગાંધીનગરના કુડાસણ મુકામે પ્રજાપતિ સમાજના ભવનનું અધુરું કામ ઝડપથી ચાલુ થાય અને છેવાડાના ગામના વ્યક્તિ પણ સમાજ ભવનનો ઉપયોગ કરી શિક્ષણ જગતમા નામના મેળવે તેમજ સમાજમાં અન્ય આયોજનો જેવાકે બેટી બચાવો, લવ જેહાદ સામે જાગૃતિ અને શૈક્ષણિક લોન સહાય વિગેરે જેવા સમાજ ઉન્નતિના કામો આગળ વધારવા સૌ એકમત બની યુવાનોએ સંગઠનની એકતા બતાવી સદકાર્યોની જ્યોત જલાવી હતી. કાર્યક્રમના સમાપને તમામે સામુહિક સ્નેહ ભોજન લીધું હતું.



## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ નીશાબેન રાજકુમાર,** ઉ.વ. ૩૫, છત્રાલ, કલોલ
- **સ્વ. ઠાકોર લક્ષ્મણજી શંકરજી,** ઉ.વ. ૬૮, પાલજ
- **સ્વ. રાઓલ હરિશ્ચન્દ્રસિંહ રતનસિંહ,** ઉ.વ. ૭૯, પેથાપુર